
ગુજરાતમિત્ર
મંગળવાર ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

ભગવાનપુરા (વાંક) ગામ હરિયાળી, ખેતીની જમીન અને ચોમાસાની ઋતુમાં નયનરમ્ય કુદરતી વાતાવરણ માટે જાણીતું છે

## પ્રકૃતિ, પરંપરા અને પ્રગતિની આગવી ઓળખ ધરાવતું અંબિકા તાલુકાનું ગામ એટલે

# ભગવાનપુરા (વાંક)



ટાઉન ટોક

સુરત જિલ્લાના દક્ષિણ ભાગમાં આવેલા અંબિકા તાલુકાનો વિસ્તાર કુદરતી સૌંદર્ય, હરિયાળી, ખેતીપ્રધાન જીવનશૈલી અને સાદગીભર્યા ગ્રામ્ય જીવનની પ્રતીતિ કરાવે છે. આ વિસ્તારના ગામડાંમાં પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે. આવાં ગામોમાં આવેલું એક સુંદર ગામ ભગવાનપુરા છે. જે પોતાની આગવી ઓળખ ધરાવે છે. સ્થાનિક ઓળખમાં આ વિસ્તારને ભગવાનપુરા (વાંક) તરીકે પણ ઓળખવામાં આવે છે. ભગવાનપુરા ગામ તેના મુખ્ય મથક મહુવાથી આશરે ૧૪ કિલોમીટર જેટલું દૂર આવેલું છે. વાહન દ્વારા મહુવા-અનાવલ રોડ થઈને અહીં પહોંચવામાં આશરે ૨૦થી ૨૫ મિનિટ જેટલો સમય લાગે છે. સુરત શહેરથી ભગવાનપુરાનું અંતર રોડ માર્ગે આશરે ૫૦થી ૫૫ કિલોમીટર જેટલું છે. સુરતથી બારડોલી થઈને અથવા કડોદરા-બુહારી રોડ મારફતે અહીં આશરે ૧.૫થી ૨ કલાકમાં પહોંચી શકાય. ભગવાનપુરા એક ગ્રામ્ય વિસ્તાર હોવાથી રોજિંદી મોટી જરૂરિયાતો, ઉચ્ચ શિક્ષણ, સરકારી વહીવટી કામકાજ અને આરોગ્યની મોટી સુવિધાઓ માટે સ્થાનિક લોકો મુખ્ય મથક મહુવા અથવા નજીકના મોટા કેન્દ્ર અનાવલ પર આધાર રાખે છે. ભગવાનપુરા માત્ર નકશા પરનું એક ગામ નથી, પરંતુ અહીંની માટી સાથે જોડાયેલા લોકોની મહેનત, સંસ્કાર, પરંપરા અને સહકારની ભાવના ગામની સાચી ઓળખ છે. આ વિસ્તાર હરિયાળી, ખેતીની જમીન અને ચોમાસાની ઋતુમાં નયનરમ્ય કુદરતી વાતાવરણ માટે જાણીતો છે. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ વરસતાં ખેતરોમાં લીલોતરી છવાઈ જાય છે અને સમગ્ર વિસ્તારનું વાતાવરણ મનમોહક બની જાય છે. ગામની આસપાસનાં ખેતરો, વૃક્ષો અને ખુલ્લી જમીન ગ્રામ્ય જીવનને ધબકતું રાખે છે. સવારનો ઠંડો પવન, પક્ષીઓનો કલરવ અને ખેતરમાં કામ કરતા ખેડૂતો ગામના જીવનની સરળતા અને કુદરત સાથેના ગાઢ સંબંધને દર્શાવે છે. ગામમાં મુખ્યત્વે હળપતિ, ઢોડીયા પટેલ, નાયકા, કોળધા, કાછિયા પટેલ, મૈસુરીયા અને સોલંકી સમાજના લોકો વસવાટ કરે છે. વિવિધ સમાજના લોકો પોતાના પરંપરાગત રીત-રિવાજો અને સંસ્કૃતિને જાળવી રાખે છે. તેમ છતાં ગામમાં સૌ લોકો એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી બને છે અને સામાજિક પ્રસંગોમાં સાથે મળીને ભાગ લે છે. ગામમાં વિવિધ તહેવારો, ધાર્મિક પ્રસંગો અને સામાજિક કાર્યક્રમો ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. લગ્નપ્રસંગ, ધાર્મિક કાર્યક્રમો તથા અન્ય સામાજિક પ્રસંગોમાં ગામના લોકો એકબીજાને સહકાર આપે છે. ગામના વડીલો યુવાનોને સારા સંસ્કારો અને સામાજિક એકતાની પ્રેરણા આપે છે.

### ખેતી ગામના જીવનનો મુખ્ય આધાર



ભગવાનપુરાનાં અનેક ગામોમાં ખેતી લોકોના જીવન સાથે ઊંડે સુધી જોડાયેલી છે. ખેડૂતો ઋતુ અને પાણીની ઉપલબ્ધતા પ્રમાણે વિવિધ પાકોનું વાવેતર કરતા હોય છે. વરસાદ સારો રહે ત્યારે ખેતીમાં પણ સારી આશા ઊભી થાય છે. વર્ષ દરમિયાન ખેતરની તૈયારી, વાવણી, નિંદામણ, પાકની સંભાળ અને લણણી જેવી કામગીરીમાં પરિવારના સભ્યોનો સહયોગ જોવા મળે છે. આધુનિક સમયમાં ખેતીમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. પરંપરાગત ખેતી સાથે આધુનિક સાધનો, સુધારેલાં બિયારણ, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ અને પાકની ગુણવત્તા અંગે ખેડૂતોમાં જાગૃતિ વધતી જાય છે. ભગવાનપુરાના ખેડૂતો પણ ભવિષ્યમાં આધુનિક ખેતી, કુદરતી ખેતી, પાક વૈવિધ્યકરણ, ડ્રિપ સિંચાઈ, સજીવ ખાતર અને બજાર સાથે સીધા જોડાણ જેવી બાબતો આવક વધારવામાં મદદરૂપ બની શકે છે. ગામમાં મુખ્યત્વે શેરડી અને ડાંગરના પાકનું વાવેતર કરવામાં આવે છે. શેરડી અને ડાંગર ઉપરાંત ગામમાં વિવિધ પ્રકારની શાકભાજીની પણ ખેતી કરવામાં આવે છે. તેમાં ભીંડા, પરવળ, ચોળી, કાકડી વગેરે શાકભાજીનો સમાવેશ થાય છે. શાકભાજીની ખેતીથી ખેડૂતોને વધારાની આવક પણ મળે છે. ખેડૂતો મહેનત કરીને શાકભાજીનું ઉત્પાદન કરે છે અને તેને નજીકનાં બજારોમાં વેચાણ માટે મોકલે છે.

### કાછિયા પટેલ સમાજના અગ્રણી જયંતીભાઈ ઠાકોરભાઈ પટેલ



ભગવાનપુરા વાક ગામના કાછિયા પટેલ સમાજના અગ્રણી જયંતીભાઈ ઠાકોરભાઈ પટેલ સમાજસેવા અને શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય રીતે સેવા આપી રહ્યા છે. તેમના સરળ સ્વભાવ, વ્યવહારુ વહીવટ અને સેવાભાવને કારણે સમાજમાં તેમનું આગવું સ્થાન છે. જયંતીભાઈ ભગવાનપુરા હાઈસ્કૂલની કમિટીના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત કરચેલિયાની સાર્વજનિક હાઈસ્કૂલની કમિટીના સભ્ય તરીકે પણ તેઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહયોગ આપી રહ્યા છે. શાળાના વિકાસ, વિદ્યાર્થીઓના હિત અને શૈક્ષણિક વાતાવરણ સુધારવા માટે તેઓ પોતાના અનુભવ મુજબ માર્ગદર્શન અને સહકાર આપે છે. 10 વર્ષ અગાઉ તેઓએ ભગવાનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. મંડળીના વહીવટમાં સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને કામગીરી કરવામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સમાજના વિકાસ માટે વર્ષ-૨૦૧૬માં સમાજ માટે હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં પણ જયંતીભાઈનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. કાછિયા પટેલ સમાજના જૂના નિષ્કલંકી નારાયણ મંદિરના નવીનીકરણ અને નવા મંદિરના નિર્માણમાં પણ તેમનો સિંહફાળો રહ્યો છે.

### પશુપાલન સાથેનો પરંપરાગત સંબંધ



ગ્રામ્ય જીવનમાં ખેતીની સાથે પશુપાલનનું પણ વિશેષ મહત્ત્વ છે. ગાય, ભેંસ સહિતના પશુઓ ગામના અનેક પરિવારોના જીવનનો ભાગ હોય છે. દૂધ ઉત્પાદનથી પરિવારને રોજિંદી આવક મળે છે અને ખેતી માટે પણ પશુઓનું મહત્ત્વ રહે છે.



### રસ્તા અને પરિવહન

ગામના સર્વાંગી વિકાસ માટે સારી કનેક્ટિવિટી ખૂબ જરૂરી છે. સારા રસ્તા હોય તો ખેડૂતોને પોતાની ઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહે છે, વિદ્યાર્થીઓને શાળાએ જવામાં સુવિધા મળે છે અને રોજગાર માટે બહાર જતા લોકોનો સમય બચી શકે છે.





### તમામ ફળિયાંમાં પીવાના પાણીની ટાંકી ઉપલબ્ધ

વાંક ભગવાનપુરા ગામમાં તમામ ફળિયામાં પીવાના પાણીની ટાંકી ઉપલબ્ધ છે. ગામના દરેક વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ હોવાથી ગ્રામજનોને પાણી મેળવવામાં સરળતા રહે છે. આ પાણીની ટાંકીઓ દ્વારા ગામના લોકોની દૈનિક પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં આ સુવિધા ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને પાણી માટે દૂર સુધી જવું પડતું નથી. પાણીની ટાંકીઓની નિયમિત સફાઈ અને જાળવણી કરવામાં આવે તો ગ્રામજનોને સ્વચ્છ અને સુરક્ષિત પાણી સતત મળી શકે છે.

### ગ્રામ પંચાયતનાં હોદ્દેદારો



♦**સરપંચ:** પુષ્પાબેન ધનસુખભાઈ પટેલ



♦**ઉપસરપંચ:** મુકેશભાઈ રામભાઈ પટેલ

♦**સભ્યો:** ભાનુબેન રતિલાલ સોલંકી



♦સુનીલભાઈ કરશનભાઈ નાયકા

♦દિવ્યેશભાઈ નરેશભાઈ પટેલ



♦સરોજબેન નરેશભાઈ નાયકા



♦દીપિકાબેન રાજેશભાઈ પટેલ

♦હિરલબેન સાગરભાઈ નાયકા

♦**તલાટી:** સુધાબેન એ.હળપતિ